જૂનાગઢ ટુડે | તા.૨૫-૦૬-૨૦૧૨ સોમવાર

# જૂનાગઢ કૃષિ યુનિ.માં આધુનિક હોસ્ટેલ્સનું ખાતમુર્હૂત કરતા કૃષિ મંત્રીશ્રી સંઘાણી



જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ કૃષિ યુનિ.માં મંત્રીશ્રી દીલીપભાઈ સંઘાણીએ બે આધુનિક હોસ્ટેલ બિલ્ડીંગનું ખાતમુર્હૂત કર્યુ હતુ. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, કૃષિ ક્ષેત્રે ચાલતા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને રેસીડેન્સીયલ સુવિધા મળે અને આરામથી અભ્યાસ કરી શકે તે માટે રાજ્ય સરકાર કૃષિ યુનિ.માં આધુનિક હોસ્ટેલ્સ બનાવી રહી છે. રાજ્ય સરકારે કૃષિ શિક્ષણને પણ પ્રોત્સાહન આપ્યુ છે. અને કૃષિ સંલગ્ન અભ્યાસક્રમોમાં પણ વધારો કરી રોજગારી મળે તે દિશામાં કામગીરી કરી અન્ય રાજ્યોને પણ નોંધ લેવી પડે તેવા પરીણામો પ્રાપ્ત થયા છે.

મંત્રીશ્રીએ યુ.જી.પી.જી. બિલ્ડીંગ હોસ્ટેલનું ખાતમુર્હૂત કર્યુ હતુ. આ હોસ્ટેલમાં ૨૦૧ વિદ્યાર્થી રહી શકે તે રીતે બિલ્ડીંગ અને આનુશાંગિક સુવિધાઓ રૂા.૪ કરોડનાં ખર્ચે તૈયાર થશે અને આ ઉપરાંત પોલીટેકનીક પ્રોસેસિંગની હોસ્ટેલનું પણ ખાતમુર્હૂત કર્યુ હતુ. રૂા.૨૫ કરોડનાં ખર્ચે ૧૦૦ વિદ્યાર્થી રહી શકે તેવી બિલ્ડીંગ બનાવાશે. આ કાર્યક્રમમાં કૃષિ રાજ્ય મંત્રીશ્રી કનુભાઈ ભાલાળા, કુલપતિશ્રી એન.સી.પટેલ તેમજ કૃષિ યુનિ.નાં સર્વે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન શ્રી બારડએ અને આભારવિધિ શ્રી સવાણીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલનશ્રી નરેન્દ્ર ભરાડે કર્યું હતુ. કાર્યપાલક ઈજનેર શ્રી મકાતી વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

સમીક્ષા દૈનિક

તા.૨૩-૦૯-૨૦૧૨

# જૂનાગઢ કૃષિ યુનિ.માં આધુનિક હોસ્ટેલ્સનું ખાતમુર્હુત કરતા દિલીપભાઈ સંઘાણી



જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ કૃષિ યુનિ.માં કાલે દિલીપભાઈ સંઘાણીએ બે આધુનિક હોસ્ટેલ બિલ્ડીંગનું ખાતમુર્હુત કર્યુ હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યુ હતુ કે, કૃષિ ક્ષેત્રે ચાલતા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને રેસીડેન્સીયલ સુવિધામળે અને આરામથી અભ્યાસ કરી શકે તે માટે રાજ્ય સરકાર કૃષિ યુનિ.માં આધુનિક હોસ્ટેલ્સ બનાવી રહી છે. રાજ્ય સરકારે કૃષિ શિક્ષણને પણ પ્રોત્સાહન આપ્યુ છે. અને કૃષિ સંલગ્ન અભ્યાસક્રમોમાં પણ વધારો કરી રોજગારી મળે તે દિશામાં કામગીરી કરી અન્ય રાજ્યોને પણ નોંધ લેવી પડે તેવા પરિણામો પ્રાપ્ત થયા છે.

મંત્રીએ યુ.જી.પી.જી. બિલ્ડીંગ હોસ્ટેલનું ખાતમુર્હુત કર્યુ હતું.

આ હોસ્ટેલમાં ૨૦૧ વિદ્યાર્થી રહી શકે તે રીતે બિલ્ડીંગ અને આનુશાંગીક સુવિધાઓ રૂા.૪ કરોડનાં ખર્ચે તૈયાર થશે અને આ ઉપરાંત પોલીટેકનીક પ્રોસેસીંગની હોસ્ટેલનું પણ ખાતમુર્હુત કર્યુ હતું. રૂા.૨.૨૫ કરોડનાં ખર્ચે ૧૦૦ વિદ્યાર્થી રહી શકે તેવી બિલ્ડીંગ બનાવાશે. આ કાર્યક્રમમાં કૃષિ રાજયમંત્રી કનુભાઈ ભાલાળા, કુલપતિ એન.સી.પટેલ તેમજ કૃષિ યુનિ.ના સર્વે અધિકારીઓ ઉપસ્થિત રહયા હતાં. સ્વાગત પવચન બારડએ આધારવિધી સવાણીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન નરેન્દ્ર ભરાડે કર્યુ હતું. કાર્યપાલક ઈજનેર મકાતી, વગેરે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ - તા. ૨૩ જુન, ૨૦૧૨
જુનાગઢ આવૃત્તિ

# જૂનાગઢ કૃષિ યુનિ.માં આધુનિક હોસ્ટેલ્સનું ખાતમુહુર્ત કરતા કૃષિ મંત્રી દીલીપ સંઘાણી



જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ કૃષિ યુનિ.માં ગઈકાલે કૃષિમંત્રી દીલીપભાઈ સંઘાણીએ બે આધુનિક હોસ્ટેલ બિલ્ડીંગનું ખાતમુહુર્ત કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્રે ચાલતા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને રેસીડેન્સીયલ સુવિધા મળે અને આરામથી અભ્યાસ કરી શકે તે માટે રાજય સરકાર કૃષિ યુનિ.માં આધુનિક હોસ્ટેલ્સ બનાવી રહી છે.

રાજય સરકારે કૃષિ શિક્ષણને પણ પ્રોત્સાહન આપ્યું છે અને કૃષિ સંલગ્ન અભ્યાસક્રમોમાં પણ વધારો કરી રોજગારી મળે તે દિશામાં કામગીરી કરી અન્ય રાજયોને પણ નોંધ લેવી પડે તેવા પરીણામો પ્રાપ્ત થયા છે.

મંત્રીએ યુ.જી.પી.જી. બિલ્ડીંગ હોસ્ટેલનું ખાતમુહર્ત કર્યું હતું. આ હોસ્ટેલમાં ૨૦૧ વિદ્યાર્થી રહી શકે તે રીતે બિલ્ડીંગ અને આનુષંગિક સુવિધાઓ રૂા.૪ કરોડના ખર્ચે તૈયાર થશે. આ ઉપરાંત પોલીટેકનિક પ્રોસેસિંગની હોસ્ટેલનું પણ ખાતમુહુર્ત કર્યું હતું.

રૂા.૨.૨૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર હોસ્ટેલમાં એક સાથે ૧૦૦ વિદ્યાર્થી રહી શકે તેવી વ્યવસ્થા હશે. આ કાર્યક્રમમાં કૃષિ રાજય મંત્રી કનુભાઈ ભાલાળા, કુલપતિ એન.સી.પટેલ તેમજ કૃષિ યુનિ.ના સર્વે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન બારડ એ અને આભાર વિધિ સવાણીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન નરેન્દ્ર ભારડે કર્યું હતું. કાર્યપાલક ઈજનેર મકાતી, વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.